# ICSE પરિણામ : વિદ્યાર્થિનીઓએ બાજી મારી

ગાંધીનગર, તા. ૮

કાઉન્સિલ ફોર ધ ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન્સ (CISCE) બોર્ડ દ્વારા લેવામાં આવેલી ઈન્ડિયન સર્ટિફિકેટ ફોર સેકન્ડરી એજ્યુકેશન (ICSE) અને ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ (ISC)નું પરિણામ મંગળવારે જાહેર કરવામાં આવ્યું હતું. અમદાવાદની લગભગ તમામ સ્કૂલોનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું હતું. આ વખતે ધોરણ-૧૦માં પાસિંગ ક્રાઈટેરિયા ૩૫થી ઘટાડી ૩૩ કરવામાં આવતા પરિણામમાં સામાન્ય વધારો થયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ધોરણ-૧૨ના પરિણામમાં આ વખતે પણ વિદ્યાર્થિનીઓ મેદાન મારી ગઈ છે. આ વર્ષે ધો.૧૦ની પરીક્ષા ૨૨ ફેબ્રુઆરીથી શરૂ થઈ હતી અને ૨૫ માર્ચ સુધી ચાલી હતી. જ્યારે ધો.૧૨ની પરીક્ષા ૪ ફેબ્રુઆરીથી શરૂ થઈ હતી અને ૨૫ માર્ચ સુધી ચાલી હતી. આ વખતે ધો.૧૦ની પરીક્ષામાં સમગ્ર દેશમાંથી ૧.૭૬ લાખ કરતા વધુ વિદ્યાર્થી નોંધાયા હતા. જ્યારે ધો.૧૨ની પરીક્ષા માટે ૮૭ હજાર વિદ્યાર્થી નોંધાયા હતા. આ વખતે પણ બંને ધોરણના પરિણામ મંગળવારના રોજ બપોરે ૩ વાગ્યે જાહેર કરવામાં આવ્યા હતા. ધોરણ-૧૦માં આ વખતે પાસિંગ ક્રાઈટેરિયા ૩૫ ગુણથી ઘટાડીને ૩૩ ગુણ કરી દેવામાં આવ્યા છે. ઉપરાંત આ વખતે પ્રથમવાર કમ્પાર્ટમેન્ટ એક્ઝામ પણ દાખલ કરવામાં આવી છે.

મંગળવારે જાહેર કરવામાં આવેલા પરિણામમાં ધોરણ-૧૨માં ૩૯૯૬૪ વિદ્યાર્થિનીઓ અને ૪૬૭૪૯ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. વિદ્યાર્થીનીઓ પૈકી ૩૯૧૦૦ વિદ્યાર્થિનીઓ પાસ થવામાં સફળ રહી છે અને ૮૬૪ વિદ્યાર્થિની નાપાસ થઈ છે. જ્યારે વિદ્યાર્થીઓ પૈકી ૪૪૫૯૭ વિદ્યાર્થી પાસ થવામાં સફળ રહ્યા છે અને ૨૧૫૨ વિદ્યાર્થી નાપાસ થયા હતા. આમ, ધોરણ-૧૨નું એકંદરે પરિણામ ૯૬.૫૨ ટકા આવ્યું હતું. ગતવર્ષની સરખામણીમાં ધોરણ-૧૨ના પરિણામમાં સામાન્ય વધારો થયો હોવાનું જાણવા મળે છે. ધોરણ-૧૨નું ગતવર્ષનું પરિણામ ૯૬.૨૧ ટકા હતું. જ્યારે આ વખતે પરિણામમાં ૦.૩૧ ટકાનો વધારો થયો છે. ધોરણ-૧૦ની વાત કરીએ તો, ધોરણ-૧૦માં સમગ્ર દેશમાંથી ૧.૭૬ લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી ૯૮.૫૪ ટકા વિદ્યાર્થીઓ પાસ થવામાં સફળ રહ્યા છે. ગતવર્ષે ધોરણ-૧૦નું પરિણામ ૯૮.૫૧ ટકા આવ્યું હતું. આમ, ગતવર્ષની સરખામણીમાં પરિણામમાં ૦.૦૩ ટકા જેટલો સામાન્ય વધારો થયો છે. ધોરણ-૧૦ની પરીક્ષામાં કુલ ૬૦ જેટલા વિષયોની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં ૨૨ ભારતીય ભાષા, ૧૦ વિદેશની ભાષા અને ૨ ક્લાસિકલ લેંગવેજનો સમાવેશ થાય છે.

અમદાવાદની સ્કૂલોએ ICSE-ISCમાં ૧૦૦ ટકા પરિણામ મેળવ્યું હોવાની પ્રાથમિક માહિતી મળી છે. અમદાવાદની તમામ સ્કૂલોમાંથી પરીક્ષામાં ઉપસ્થિત રહેતા વિદ્યાર્થીઓ પાસ થયા છે. બોપલની તુલીપ ઈન્ટરનેશનલ સ્કૂલમાંથી ધોરણ-૧૦ની પરીક્ષામાં ૨૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને તમામ પાસ થયા છે. જેમાં પ્રથમ ક્રમે ૯૦.૨૦ ટકા સાથે ક્રિશી પટેલ આવી છે. આનંદ નિકેતન, શીલજથી ધોરણ-૧૨ની પરીક્ષામાં ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓ પાસ થયા હોવાનું જાણવા મળે છે. વેજલપુર ખાતે આવેલી ઝાયડસ સ્કૂલમાં પણ તમામ વિદ્યાર્થીઓ પાસ થયા છે. મણિનગરની સેવન્થ ડે એડવેન્ટિસ્ટ સ્કૂલમાં પણ તમામ વિદ્યાર્થીઓ પાસ થવામાં સફળ રહ્યા છે. આમ, અમદાવાદની લગભગ તમામ સ્કૂલોનું ધોરણ-૧૦ અને ધોરણ-૧૨નું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. ગત વર્ષે બોર્ડ દ્વારા ૧૪ મેના રોજ પરિણામ જાહેર કરાયા હતા. જેમાં ધો.૧૨નું પરિણામ ૯૬.૨૧ ટકા અને ધો.૧૦નું પરિણામ ૯૮.૫૧ ટકા આવ્યું હતું. આ વર્ષે પરિણામ એક સપ્તાહ વહેલું જાહેર કરવામાં આવ્યું છે. પરિણામ જાહેર થયા બાદ જો વિદ્યાર્થી પોતાના ગુણથી સંતુષ્ટ ન હોય તો તેઓ સાત દિવસમાં બોર્ડની વેબસાઈટ પર જઈને પુનઃ મૂલ્યાંકન માટે ઓનલાઈન અરજી કરી શકે છે. વિદ્યાર્થીઓ પરિણામ આવ્યા પછી ૧૩ મે સુધી ઓનલાઈન અરજી કરી શકે તેવી વ્યવસ્થા બોર્ડ દ્વારા કરવામાં આવી છે.

## જન્મદિને વધામણી



ધાનવી જગદીશભાઈ પ્રજાપતિ
મો. ૯૯૨૫૩ ૮૧૬૧૭



અંશ અમિતભાઈ પ્રજાપતિ
મો. ૯૯૯૮૭ ૭૫૭૭૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# ગાંધીનગરની શાળાઓનાં પરિણામ

**સ્વામી વિવેકાનંદ પ્રાથમિક અને માધ્યમિક શાળા**
**અંગ્રેજી માધ્યમ**

**કેજી વિભાગ**

| | |
|---|---|
| ૧ | ક્રિષ્ના પ્રકાશભાઈ ઘાંચી |
| ૨ | વિશ્વા વાઘેલા |
| ૩ | યશ ભગવત |

**પ્લે ગૃપ**

| | |
|---|---|
| ૧ | ગ્રીષા જેસલરાય ગોહિલ |
| ૨ | ઈચ્છા જિતેન્દ્રભાઈ નાયી |
| ૩ | રક્ષા પરેશભાઈ ઝાલા |

**જુનિયર કેજી**

| | |
|---|---|
| ૧ | દક્ષ જસવંતભાઈ કાપડિયા |
| ૨ | જયરાજ જિતેન્દ્રભાઈ સોલંકી |
| ૩ | ફેનિલ જયંતીભાઈ વણકર |

**સિનિયર કેજી**

| | |
|---|---|
| ૧ | આસ્થા રામકિશોરભાઈ કુશબાહુ |
| ૨ | આશી રામકિશોરભાઈ કુશબાહુ |
| ૩ | અંશ રામકિશોરભાઈ કુશબાહુ |

**ધોરણ-૧**

| | |
|---|---|
| ૧ | રાજ પ્રવીણભાઈ પ્રજાપતિ |
| ૨ | યશરાજ શક્તિસિંહ રાઠોડ |
| ૩ | વિશ્વ અશોકભાઈ શાહ |

**ધોરણ-૨**

| | |
|---|---|
| ૧ | ખુશાલી મહેન્દ્રભાઈ પ્રજાપતિ |
| ૨ | દિયા ઘનશ્યામભાઈ રાઠોડ |
| ૩ | વૈભવી ભરતભાઈ પરમાર |

**ધોરણ-3**

| | |
|---|---|
| ૧ | કોમલ પ્રકાશભાઈ ઘાંચી |
| ૨ | શુભમ વરદાયજી પ્રજાપતિ |
| ૩ | તેજસ્વી ભરતભાઈ પરમાર |

**ધોરણ-૪**

| | |
|---|---|
| ૧ | નમ્રતા મહેન્દ્રભાઈ ઠાકોર |
| ૨ | કાર્તિક બાબુજી ઠાકોર |
| ૩ | જીલ વાસુભાઈ નાઈ |

**ધોરણ-૫**

| | |
|---|---|
| ૧ | દર્શન બળદેવભાઈ આચાર્ય |
| ૨ | ભાવેશ સેંધાભાઈ ચૌધરી |
| ૩ | પ્રિયા શક્તિસિંહ રાઠોડ |

**ધોરણ-૬**

| | |
|---|---|
| ૧ | કમલેશ શીખાભાઈ ઠાકોર |
| ૨ | આનંદ હરદેવભાઈ રાવલ |
| ૩ | કૌશિક શ્રીરામભાઈ આચાર્ય |

**ધોરણ-૭**

| | |
|---|---|
| ૧ | મહેક રામકિશોરભાઈ કુશબાહુ |
| ૨ | સોની રામકિશોરભાઈ કુશબાહુ |
| ૨ | ભાવના અશોકભાઈ પરમાર |

**ધોરણ-૮**

| | |
|---|---|
| ૧ | જયદીપ હરગોવિંદભાઈ જોશી |
| ૨ | નેહા રામકિશોરભાઈ કુશબાહુ |
| ૩ | કમલેશ જેતાભાઈ ચૌધરી |

**ધોરણ-૯**

| | |
|---|---|
| ૧ | મિતવન હરેશવન ગૌસ્વામી |
| ૨ | પંકજ કેશાભાઈ આચાર્ય |
| ૩ | આનંદ હરગોવનભાઈ આચાર્ય |

# એમકોમમાં પ્રવેશ માટે પ્રક્રિયાનો આરંભ

**૧૭મી સુધી રજિસ્ટ્રેશન કરાવી શકશે, ૯મીથી ૧૮મી સુધીમાં વિદ્યાર્થીઓએ ભરેલા ફોર્મ ડોક્યુમેન્ટ સાથે પી.જી.સેન્ટરમાં જમા કરાવવાના રહેશે, ૨૦મીએ પ્રોવિઝનલ મરિટલિસ્ટ જાહેર કરાશે**

ગાંધીનગર, તા. ૮

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી આર્ટસ,કોમર્સ અને સાયન્સ કોલેજોમાં પ્રવેશ માટે જે વિદ્યાર્થીઓના પરિણામ આવી ગયા છે અથવા તો રીપીટર વિદ્યાર્થીઓ છે તેમના માટે ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. જ્યારે ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓ પરિણામ આવ્યા પછી રજિસ્ટ્રેશન કરાવી શકશે.

યુનિવર્સિટી દ્વારા ગત વર્ષે જે નવી કોલેજોની મંજૂરીની પ્રક્રિયા કરવામાં આવી હતી તે તમામ કોલેજોને આ વર્ષે મંજૂરી આપી દેવામાં આવી છે. એટલે કે ચાલુ વર્ષે અંદાજે ૨૭ જેટલી નવી કોલેજોને પ્રવેશ પ્રક્રિયામાં સામેલ કરી દેવામાં આવી છે. જે કોલેજોને મંજૂરી આપવામાં આવી છે તે પૈકી ડિપોઝિટની રકમ જમા કરાવે તે રીતે ફાઈનલ મંજૂરી આપવામાં આવી રહી છે. હજુ આગામી દિવસોમાં પણ યુનિવર્સિટી દ્વારા નવી સ્વનિર્ભર કોલેજોને મંજૂરી આપવાની કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે તેવું જાણવા મળ્યું છે. હાલમાં સેન્ટ્રલ બોર્ડનું પરિણામ આવી ચૂક્યું છે આ ઉપરાંત રિપીટર તરીકે પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ પાસે પણ માર્કશીટ આવી ચૂકી હોવાથી આ વિદ્યાર્થીઓ માટે હાલમાં તમામ કોર્સમાં ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓ માટે પીન વિતરણની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ગત વર્ષે જે નવી સ્વનિર્ભર કોલેજોને મંજૂરી આપવામાં આવી નહોતી તે કોલેજોને આ વર્ષે મંજૂરી આપી દેવાતાં આ કોલેજોની બેઠકોને પણ પ્રવેશ પ્રક્રિયામાં સામેલ કરી દેવાઈ છે. જેના કારણે વિદ્યાર્થીઓ માટે પ્રવેશ માટે અનેક નવી કોલેજો ઉપલબ્ધ થાય તેવી સ્થિતિ ઊભી થઈ છે. આ ઉપરાંત ચાલુ વર્ષે અનેક નવા પી.જી.કોર્સ શરૂ કરવામાં આવ્યા છે. જેમાં પ્રવેશ માટે પણ કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. ખાસ કરીને સાયન્સ-કોમર્સને લગતાં પાંચ વર્ષના આઠ જેટલા ઈન્ટિગ્રેડેટ કોર્સ શરૂ કરવામાં આવ્યા છે. આ સિવાય ૧૬ જેટલા પી.જી.કોર્સ પણ શરૂ કરવામાં આવ્યા છે.

એમ.કોમમાં પ્રવેશ માટે આજથી પીન વિતરણ અને ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરાઈ છે. વિદ્યાર્થીઓ તા.૧૭મી સુધી રજિસ્ટ્રેશન કરાવી શકશે. તા.૯મીથી ૧૮મી સુધીમાં વિદ્યાર્થીઓએ ભરેલા ફોર્મ ડોક્યુમેન્ટ સાથે પી.જી.સેન્ટરમાં જમા કરાવવાના રહેશે.તા.૨૦મીએ પ્રોવિઝનલ મરિટલિસ્ટ જાહેર કરાશે. તા.૨૨મીના રોજ ફાઈનલ મેરિટલિસ્ટ જાહેર કરાશે. તા.૨૩મીથી ૨૭મી સુધી વિદ્યાર્થીઓએ ઓનલાઈન અથવા તો ખાનગી બેંકમાં જઈને ફી ભરવાની રહેશે. તા.૨૮મીએ ખાલી બેઠકોની જાહેરાત કરાશે.

# ધોરણ-૨ના વિદ્યાર્થીઓનો પાયો મજબૂત કરવા શિક્ષકોને સમયદાન માટે અપીલ કરવામાં આવી

**પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા પરિપત્ર કરી શિક્ષકો, નિવૃત્ત શિક્ષકો, સીઆરસી-બીઆરસી કો-ઓર્ડિનેટરને સ્વૈચ્છિક રીતે સમયદાન કરવા અપીલ કરાઈ**

ગાંધીનગર, તા. ૮

શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ-૨ના વિદ્યાર્થીઓ માટે નિદાન અને ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમનો અમલ કરવામાં આવ્યો હતો. જેના લીધે ધોરણ-૨ના વિદ્યાર્થીઓ લેખન, ગણન અને વાંચનમાં અપેક્ષિત સિદ્ધિ હાંસલ કરી શક્યા હતા. જો કે હજુ પણ કેટલાક વિદ્યાર્થીઓ નબળા હોઈ તેઓ ધોરણ-૩માં આવે તે પહેલા તેમનું વાંચન, લેખન અને ગણન મજબૂત થાય તે માટે વેકેશનમાં શિક્ષકોને સમયદાન આપવા માટે અપીલ કરાઈ છે. જોકે, આ સમયદાન મરજિયાત હોઈ કોઈ શિક્ષકને તેના માટે ફરજ પાડી શકાશે નહીં. વેકેશનના ૨૫ દિવસ દરમિયાન રોજ બે કલાક માટે વિદ્યાર્થીઓને શૈક્ષણિક કાર્ય કરાવવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ વિભાગ દ્વારા ફેબ્રુઆરીથી એપ્રિલ-૨૦૧૯ દરમિયાન ધોરણ-૨ના વિદ્યાર્થીઓને વાચન, લેખન, ગણનના મૂળભૂત કૌશલ્યો શીખવવા માટે નિદાન અને ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમનો અણલ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત ધોરણ-૨ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં સુધારો થયો છે. આમ, છતાં હજુ પણ કેટલાક વિદ્યાર્થીઓ વાચન, લેખન અને ગણનમાં અપેક્ષિત સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યા નથી. ધોરણ-૨ના ઉપચારાત્મક શિક્ષણનો મુખ્ય હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે આગામી વર્ષે ધોરણ-૩માં દાખલ થનારા એક પણ વિદ્યાર્થી એવો ન હોય કે જે વાચન, લેખન અને ગણનમાં અપેક્ષિત સિદ્ધિ સ્તરે ન પહોંચ્યો હતો. જોકે, હજુ પણ કેટલાક વિદ્યાર્થીઓના લીધે હેતુ પૂર્ણ રૂપે સિદ્ધ થતો નથી.

રાજ્યમાં ૬ મેથી ૧૦ જૂન સુધી ઉનાળુ વેકેશન છે, જેથી જે વિદ્યાર્થીઓએ હજુ પણ અપેક્ષિત સિદ્ધિ પ્રાપ્ત નથી કરી તેવા વિદ્યાર્થીઓ આવતા વર્ષે ધોરણ-૩માં મુશ્કેલી ન અનુભવે તે માટે વેકેશન દરમિયાન ૨૫ દિવસ સુધી રોજના બે કલાકનું શૈક્ષણિક કાર્ય કરાવી શકાય તેમ હોઈ રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા પરિપત્ર કરી શિક્ષકો, નિવૃત્ત શિક્ષકો, સીઆરસી-બીઆરસી કો-ઓર્ડિનેટરને સ્વૈચ્છિક રીતે સમયદાન કરવા અપીલ કરી છે. આ કાર્યમાં જે લોકો સ્વૈચ્છિક રીતે સમયદાન આપવા તૈયાર હોય તેમને જ જોડવા માટે જણાવાયું છે.

જો સ્કૂલમાં ધોરણ-૨ના શિક્ષક સિવાયના વ્યક્તિ સમયદાન કરતા હોય તો બાળકોની શૈક્ષણિક સ્થિતિ-પ્રગતિ અંગે તેમણે ધોરણ-૨ના શિક્ષક સાથે દરરોજ રૂબરૂ અથવા ટેલિફોનિક પરામર્શ કરવા પણ તાકીદ કરી છે. સ્વૈચ્છિક સમયદાન કરવા તૈયાર તમામ વ્યક્તિઓને બાયસેગના માધ્યમથી માર્ગદર્શન આપવામાં આવશે અને સારા હેતુ માટે કરેલા કાર્ય બદલ પ્રશસ્તિપત્ર આપવામાં આવશે. આમ, સંભવત ૧૦ મેથી આગામી ૨૫ દિવસ માટે સ્કૂલમાં બે કલાક માટે ધોરણ-૨ના નબળા વિદ્યાર્થીઓનો પાયો મજબૂત કરવામાં આવશે.

# રાજ્યનાં માત્ર ૩૮ લાખ જેટલાં જૂનાં વાહનોમાં નવી નંબર પ્લેટ

ગાંધીનગર, તા. ૮

રાજ્યમાં રસ્તા પર દોડતા જૂના વાહનોમાં હાઈ સિક્યોરીટી રજિસ્ટ્રેશન પ્લેટ (HSRP) લગાવવી ફરજિયાત કરાયા બાદ પણ હજુ સુધી લોકોમાં તે અંગે જાગૃતતા આવી ન હોઈ હાલમાં પણ લાખો વાહનોમાં HSRP નંબર પ્લેટ લગાવવાની બાકી છે. અત્યાર સુધી રાજ્યના ૩૮ લાખ જેટલા જ જૂના વાહનોમાં HSRP નંબર પ્લેટ લાગી છે અને હજુ લાખો વાહનો જૂની નંબર પ્લેટ સાથે જ ફરી રહ્યા હોવાનું જાણવા મળે છે. સરકાર દ્વારા જૂના વાહનોમાં HSRP નંબર પ્લેટ લગાવવા માટેની મુદત ૩૧ મે, ૨૦૧૯ સુધી લંબાવી છે, ત્યારબાદ વાહનોમાં HSRP નંબર પ્લેટ નહીં હોય તો દંડ ફટકારવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યમાં વાહનો પર જૂની નંબર પ્લેટના બદલે HSRP નંબર પ્લેટ લગાવવાનો નિર્ણય લેવાયા બાદ સરકાર દ્વારા ઢગલાબંધ વખત મુદતમાં વધારો કરવામાં આવ્યો હોવા છતાં લોકો HSRP નંબર પ્લેટ લગાવવા માટે આવતા ન હોવાનું જાણવા મળે છે. જેના પગલે હાલમાં પણ રાજ્યમાં લાખો વાહનોમાં HSRP નંબર પ્લેટ લગાવી શકાઈ નથી. ફેબ્રુઆરી-૨૦૧૯ સુધીમાં રાજ્યના ૩૬.૮૭ લાખ વાહનોમાં HSRP નંબર પ્લેટ ફીટ કરી દેવામાં આવી હતી. ત્યાર બાદ માર્ચ માસમાં માત્ર ૬૮ હજાર વાહનોમાં જ HSRP નંબર પ્લેટ લાગી હતી અને એપ્રિલમાં તો આંકડો ઘટીને ૪૪ હજાર પર આવીને અટકી ગયો હતો. આમ, કુલ ૩૮ લાખ જેટલા વાહનોમાં જ અત્યાર સુધી HSRP નંબર પ્લેટ ફીટ કરી શકાઈ છે.




અમદાવાદની વાત કરીએ તો અત્યાર સુધીમાં સુભાષબ્રિજ આરટીઓમાં ૪.૯૦ લાખ જેટલા વાહનોમાં HSRP નંબર પ્લેટ ફીટ કરી દેવાઈ છે. જ્યારે બાવળામાં માંડ ૨૦ હજાર જેટલા વાહનોમાં જ HSRP નંબર પ્લેટ લાગી છે. વસ્ત્રાલ આરટીઓમાં ૧.૧૭ લાખ વાહનોમાં HSRP નંબર પ્લેટ લગાવી દેવાઈ છે. આમ, અમદાવાદમાં કુલ ૬.૨૮ લાખ વાહનોમાં HSRP નંબર પ્લેટ ફીટ થઈ ચૂકી છે. અમદાવાદ ઉપરાંત રાજ્યના અન્ય મોટા શહેરોની વાત કરીએ તો, રાજકોટમાં ૩.૪૩ લાખ વાહનોમાં HSRP લગાવી દેવાઈ છે. જ્યારે સુરતમાં ૪.૦૧ લાખ અને વડોદરામાં ૩.૧૬ લાખ વાહનોમાં HSRP ફીટ થઈ ચૂકી છે.

# ગાંધીજીનો વિનોદ

॥ બાવીસમો મણકો ॥

**૫૮ - બંનેએ ટોસ્ટ લીધો**

વાઈસરૉયના મહેલમાં ગાંધી-અર્વિન કરારો પર સહી થયા પછી મહાત્માજી અને વાઈસરૉય બંને બેસીને ખુશમિજાજમાં વાતો કરતા હતા. ત્યારે ખુશાલીની યાદમાં વાઈસરૉયે કહ્યું, ચાલો. આપણે એકબીજાની તંદુરસ્તી માટે ટોસ્ટ લઈએ.

પણ ગાંધીજી દારૂ પીતા નથી એનો તરત જ ખ્યાલ આવી જતાં ઉમેર્યું કે, ચામાં.

હું તો સહેજ મીઠું અને લીંબુનો રસ ઉમેરી પાણીમાં જ ટોસ્ટ લઈશ. વાઈસરૉયની દરખાસ્ત સાથે સહમત થઈ હસતાં હસતાં ગાંધીજીએ કહ્યું.

પછી ચર્ચિલે મહાત્માજીને 'અર્ધનગ્ન ફકીર' કહેલાં તેની યાદ કરી બંને જણ હસ્યા. પણ ગાંધીજી તેવા જ છે તેની યાદ આપતો એક પ્રસંગ તરત જ ત્યાં બન્યો.

વાઈસરૉય મહેલના ખુશમિજાજ વાતાવરણમાં ગાંધીજીએ મહેલમાંથી વિદાય લીધી, પણ પોતાની શાલ લેવાનું ભૂલી ગયા.

શાલ વિના ગાંધીજી ખરે જ અર્ધનગ્ન ફકીર જ હતા. ચર્ચિલના એ વચનોને યાદ કરાવી વાઈસરૉયે કહ્યું,

150 ગાંધીયાત્રા

ગાંધી, આ રહી તમારી શાલ. તમારા શરીર પર આ સિવાય બીજું કંઈ જ નથી તેથી તમે એને ભૂલી જાઓ એ કેમ પરવડે ?

અટ્ટહાસ્ય કરી ગાંધીજી બોલ્યા, ન જ પરવડે. અને ગાંધીજીએ શાલ લઈ લીધી.

**૫૯ - મને બીક લાગે છે**

એકવાર સાબરમતી આશ્રમમાં મોતીલાલ નહેરુ જેવા માનવંતા મહેમાન આવવાના હતા. તેમને માટે રસોઈ તૈયાર કરવાની હતી, પણ બા રસોડાનું કામ પૂરું કરી સૂતાં હતાં. તેમને ખલેલ ન પડે એ રીતે રસોઈ કરવાનું કામ ગાંધીજીએ આશ્રમનાં છોકરાછોકરીને સોંપ્યું. પણ વચ્ચે થાળીના અવાજથી બા જાગી ગયાં. થોડી વાતચીતમાં જ બા સમજી ગયાં કે આ બાપુનું જ કાવતરું છે. પછી બા પણ રસોઈના કામમાં ભળી ગયાં.

સાંજની પ્રાર્થના પછી બા બાપુ સમક્ષ હાજર થયાં અને કેડ પર હાથ રાખી મસ્તીખોર આંખે બોલ્યાં,

મારા વિના એ લોકોને જ કામ કરવાનું તમે કેમ સોંપ્યું ? હું આળસુની પીર છું એવું તમને લાગે છે ?

આંખની પ્રેમાળ ચમક સાથે ગાંધીજીએ જવાબ આપ્યો,

આવે વખતે મને તમારી બહુ જ બીક લાગે છે તેની શું તમને ખબર નથી બા ?

અને બા માનવામાં ન આવે એટલે મોટેથી ખડખડ હસી પડ્યાં. તેમનું હાસ્ય કહેતું હતું, શું મારાથી બીનારા ?



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# સ્વ. કુસુમબેન મેઘાણીની ૮૧મી જન્મજયંતી ઉજવાઈ

ગાંધીનગર, તા. ૮

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનાં પુત્રવધૂ અને પિનાકી મેઘાણીનાં માતા સ્વ. કુસુમબેન નાનકભાઈ મેઘાણીની ૮૧મી જન્મજયંતી નિમિત્તે ચોટીલા સ્થિત ઝવેરચંદ મેઘાણીના ઐતિહાસિક જન્મસ્થળ તથા અમદાવાદ-નિવાસસ્થાન ખાતે 'ભાવાંજલિ' અર્પણ થઈ. પુત્ર પિનાકી મેઘાણી અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનનાં સતત પથદર્શક રહેલાં સ્વ. કુસુમબેન મેઘાણીએ ૮૦ વર્ષની વયે ૬ નવેમ્બર ૨૦૧૮ના રોજ આપણી વચ્ચેથી અણધારી વિદાય લીધી હતી.



ચોટીલા સ્થિત ઝવેરચંદ મેઘાણીના ઐતિહાસિક જન્મસ્થળની સામે આવેલ સરકારી તાલુકા પુસ્તકાલય ખાતે મેઘાણી-સાહિત્ય કોર્નરની સ્થાપના ગુજરાત સરકારનાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનું ગ્રંથાલય ખાતુંનાં સૌજન્યથી થઈ. ઝવેરચંદ મેઘાણીએ ૨૫ વર્ષના ટૂંકાં ગાળામાં કવિતા, નવલકથા, નવલિકા, નાટક, જીવન-ચરિત્ર, ઈતિહાસ, પ્રવાસ-વર્ણન, લોકસાહિત્ય સંશોધન અને વિવેચન, લોકગીતો, લોકકથાઓ એવા વિવિધ વિષયોનાં ૧૦૦ જેટલાં પુસ્તકો લખ્યાં હતાં. આમાંનાં ૭૫ જેટલાં પ્રાપ્ય પુસ્તકો ૬ટ૩ટ૧ ફૂટનાં આકર્ષક કાચનાં કબાટમાં વિષયવાર અહિ મૂકાયાં છે. સ્વ. કુસુમબેન મેઘાણી અને પિનાકી મેઘાણીની પ્રેરણાથી ગુજરાતભરમાં ૪૦ જેટલાં મેઘાણી-સાહિત્ય કોર્નરની સ્થાપના થઈ છે. પિનાકી મેઘાણી, મેઘાણી-ગીતોના મેધાવી લોકગાયક અભેસિંહ રાઠોડ, લોકગાયિકા રાધાબેન વ્યાસ, સ્વ. કુસુમબેનનાં ભાણેજ ડો. અમિતાબેન શાહ-અવસ્થી અને રૂપાબેન-ભરતભાઈ-મિતાલી મહેતા, સુરેન્દ્રનગર જિલ્લા ગ્રંથપાલ લલિતભાઈ મોઢ, નાયબ ગ્રંથપાલ વિમલગિરી ગોસ્વામી, અલ્પેશભાઈ નકુમ અને અનિશભાઈ લાલાણી, ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ (રાણપુર)ના ગોવિંદસંગ ડાભી, ચોટીલા એજ્યુકેશન એન્ડ ચેરિટી ટ્રસ્ટના કિરીટસિંહ રહેવર (મામા), નેશનલ યુથ પ્રોજેક્ટ (રાજકોટ)ના રાજેશભાઈ ભાતેલિયા, જતીનભાઈ ઘીયા, શૈલેષભાઈ સાવલિયા, પિયૂષભાઈ વ્યાસ, વાલજીભાઈ પિત્રોડા (વિશ્વકર્મા ફર્નીચર), દેવેનભાઈ-માલિનીબેન બદાણી, અજયભાઈ-નિરૂપમાબેન શાહ, તુષારભાઈ-દર્શનાબેન શાહ, ગિરિશભાઈ-જયશ્રીબેન વાજા, કાજલબેન શાહ, રેખાબેન અવસ્થી ઉપસ્થિત રહ્યાં હતાં. સ્વ. કુસુમબેન મેઘાણી પ્રત્યે સવિશેષ આદર અને લાગણી ધરાવતાં ખ્યાતનામ લોકગાયક અભેસિંહ રાઠોડ અને રાધાબેન વ્યાસે ઝવેરચંદ મેઘાણી રચિત-સંપાદિત ગીતો-લોકગીતો-ભજનો થકી અંજલિ આપી હતી. નરેન્દ્રભાઈ મોદી ઉપરાંત પંડિત જવાહરલાલ નહેરુ, લાલબહાદુર શાસ્ત્રી, મોરારજીભાઈ દેસાઈ, ઈન્દિરાબેન ગાંધી સહિત દેશનાં પાંચ પ્રધાન મંત્રીને પ્રત્યક્ષ મળવાનો અવસર પ્રાધ્યાપક રહી ચૂકેલાં સ્વ. કુસુમબેન મેઘાણીને પ્રાપ્ત થયો હતો જે ખાસ ઉલ્લેખનીય છે.